આકાશવાણી, અમદાવાદ

07-05-2026 Midday: 2.30 to 2.35 pm

Thursday Regional News

## CHINTAN SHIBIR SAMAPAN

રાજ્ય સરકારના મહેસુલ વિભાગની ચિંતન શિબિર ગાંધીનગરના અડાલજ પાસેના ત્રિમંદિર ખાતે ચાલી રહી છે. ત્રણ દિવસની આ ચિંતન શિબિરનું રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સમાપન કરશે. ત્રણ દિવસ દરમિયાન ચિંતન શિબિરમાં વિવિધ વિષયોની ચર્ચા કરવામાં આવી રહી છે. જેમાં નાગરિકોને મહેસૂલ વિષય સમસ્યાઓના સરળ અને ઝડપી ઉકેલ સહિતના મુદ્દાઓ ચર્ચા કરવામાં આવી રહી છે. આ શિબિરના ઉદઘાટન પ્રસંગે જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કલેકટરથી માંડી મહેસુલ વિભાગના ઉચ્ચ અધિકારીઓને પ્રજાલક્ષી અભિગમ રાખવા ભાર મૂક્યો હતો. તેમણે નાગરિકો સમસ્યાના ઉકેલની આશા લઈને આવતાં હોય ત્યારે તેમની સાથે સહ્રદયી આભાર રાખવા અધિકારીઓને અપીલ કરી હતી.

## OPERATION SINDOOR

ઓપરેશન સિંદૂરને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. ગયા વર્ષે પહલગામ આતંકવાદી હુમલા બાદ, ભારતીય સશસ્ત્ર દળોએ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. આ ઓપરેશન નિયંત્રણ રેખા પાર અને પાકિસ્તાનની અંદર આતંકવાદી માળખાને તોડી પાડવા માટે એક શિક્ષાત્મક અને લક્ષિત ઝુંબેશ હાથ ધરાઈ જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં નવ આતંકવાદી છાવણીઓ પર હુમલો કરાયો, જેમાં 100 થી વધુ આતંકવાદીઓ, માર્યા ગયા હતા. મોટાભાગના આતંકવાદીઓ જૈશ-એ-મોહમ્મદ, લશ્કર-એ-તૈયબા અને હિઝબુલ મુજાહિદ્દીન જેવા સંગઠનોના હતા. આ ભારે નુકસાનથી પીડાતા, પાકિસ્તાનને યુદ્ધવિરામનો આશરો લેવાની ફરજ પડી હતી. આ ઓપરેશને જમીન, હવા અને સમુદ્રમાં ઉચ્ચ-ચોકસાઈ, સંકલિત લશ્કરી કાર્યવાહી માટે ભારતની ક્ષમતા દર્શાવી.

## BJP MEETING

પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસ ખાતે યોજાઇ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં બેઠક ચાલી રહી છે. બીજા દિવસે પણ જિલ્લા-તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાના ચૂંટાયેલી પાંખના વડાની નિમણુંક પર ચર્ચા કરવામાં આવી રહી છે.

કેન્દ્રીય મંત્રી સી આર પાટીલ પણ મુખ્યમંત્રી નિવાસસ્થાને પહોંચ્યા હતા. આજના દિવસ દરમિયાન નામો પર ચર્ચા કરવામાં આવશે. આ નામો પર મહોર મારવામાં આવ્યા બાદ તેની જાહેરાત કરાશે.

## VALSAD GANG

વલસાડ પોલીસે નાસિકની એક આંતરરાજ્ય ચોર ટોળકીનો પર્દાફાશ કર્યો છે. આ ટોળકીના સભ્યો કારમાં આવીને બંગલાઓને નિશાન બનાવતા હતા. આ ટોળકીના મુખ્ય બે સાગરીતોની ધરપકડ કરી 34 લાખ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હોવાનું નાયબ પોલીસ અધિક્ષક બી એન દવેએ જણાવ્યું.

## DWARKA KUTCH CHARAS

દરિયાકાંઠાના વિસ્તારમાં આજે મોટા પ્રમાણમાં માદક પદાર્થનો જથ્થો મળી આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર નજીકથી બે કરોડ 27 લાખ રૂપિયાથી વધુનો માદક પદાર્થ મળી આવ્યો. પોલીસ કુલ સાડા ચાર કિલો માદક પદાર્થનો કબજે કર્યો છે. જે અંગે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી પોલીસે અજાણ્યા શખ્સો સામે કાર્યવાહી હાથ ધરી.

બીજી તરફ કચ્છમાં ફરી એકવાર માદક પદાર્થના 10 પેકેટ મળી આવ્યા છે. સરહદ સુરક્ષા દળ-BSFએ ક્રિક વિસ્તારમાંથી આ પેકેટ કબ્જે કર્યા.

## KANDALA EXPORT

કંડલા બંદરે ફરી એકવાર ઐતિહાસિક સિદ્દિધ નોંધાવી છે. વર્ષ 2022 બાદ પ્રથમ વખત અહીંથી મોટા પાયે ઘઉંની નિકાસ હાથ ધરાતા વેપાર અને બંદર પ્રવૃત્તિઓમાં નવી સક્રિયતા જોવા મળી છે. કુલ 22 હજાર મેટ્રિક ટન ઘઉં 'એમવી થેરેસા' જહાજ મારફતે વિદેશ મોકલવામાં આવ્યા છે. આ નિકાસ માત્ર વેપારી પ્રવૃત્તિ પૂરતી સીમિત રહી નથી, પરંતુ બંદરની કામગીરી, આયોજન ક્ષમતા અને આંતરરાષ્ટ્રીય વેપાર ક્ષેત્રે વધતી વિશ્વસનીયતાનું પણ પ્રતિબિંબ બની છે. લાંબા સમય બાદ ઘઉંની મોટા

પાયે નિકાસ સફળતાપૂર્વક પૂર્ણ થતા વેપારીઓ અને શિપિંગ ક્ષેત્ર સાથે જોડાયેલા વર્ગોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

## ANKLESHWAR FIRE

ભરૂચ જીલ્લાના અંકલેશ્વર પાસે આગની ઘટના ઘટી હતી. નેશનલ હાઈવે-48 પર એક હોટલ નજીક પાર્ક કરાયેલા કેમિકલ ભરેલા કન્ટેનરમાં ભીષણ આગ ભભૂકી ઉઠતાં દોડધામ મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાતા હતા જેથી લોકોમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. ફાયર બ્રિગેડની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી ભારે જહેમત બાદ આગ કાબૂમાં આવી હતી. સાવચેતીના ભાગરૂપે આ વિસ્તારનો સર્વિસ રોડ બંધ કરી દેવાયો હતો. આગના કારણે હાઈવે પર ટ્રાફિક જામ થયો હતો. જોકે સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહતી.

## NAVSARI SAJA

નવસારી કોર્ટે બોગસ પ્રમાણપત્રોથી સરકારી નોકરી મેળવનારી મહિલાને ત્રણ વર્ષની કેદ ફટકારી છે.

વર્ષ 2007 માં બોગસ પ્રમાણપત્રોના આધારે સરકારી નોકરી મેળવનાર મહિલાને નવસારીની અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટે ત્રણ વર્ષની કેદ અને દંડ ફટકાર્યો છે. જ્યારે સહ આરોપીનું સુનાવણી દરમિયાન મૃત્યુ થયું હોવાથી તેમની સામેનો કેસ પડતો મૂકવામાં આવ્યો હતો.

જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના રેવદ્રાગામની રહેવાસી મહિલાએ વર્ષ 2007માં નવસારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી અંતર્ગતની શાળાઓમાં વિદ્યાસહાયકની ભરતી માટે અરજી કરી હતી. તેણે રજૂ કરેલા બૃહદ ગુજરાત સંગીત સમિતિનું 'સંગીત વિશારદ' (બી.એ. પદવી) વર્ષ 2006માં પ્રથમ પ્રયત્ને પાસ કર્યું હોવાના બનાવટી ગુણપત્રક અને સર્ટિફિકેટથી નોકરી મેળવી લીધી હતી. જો કે જિલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરી દ્વારા શંકાસ્પદ દસ્તાવેજોની ખરાઈ કરવા માટે બૃહદ ગુજરાત સંગીત સમિતિનો સંપર્ક કરવામાં આવતાં એ પ્રમાણપત્રો બોગસ હોવાનું બહાર આવ્યું હતું. આ કૌભાંડ બહાર આવતા નવસારી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.